વિષય :- વિજ્ઞાન ધોરણ :- 7 પ્રથમ સત્ર

પાઠ :-7 પ્રાણીઓ અને વનસ્પતિઓમાં વહન 25 marks

વિદ્યાર્થીનું નામ:-.............................................................................................

**1. નીચેના પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની સામે ✓ ની નિશાની કરો. 5 marks**

(1) પક્ષીઓ, જીવજંતુઓ અને ગરોળીઓ કયા સ્વરૂપે યુરિક ઍસિડનો ત્યાગ કરે છે?

ઘન પ્રવાહી વાયુ અર્ધઘન

(2) નીચેનાં પૈકી કયા પ્રાણીઓને રૂધિર જેવા પરિવહન પ્રવાહની જરૂરિયાત નથી?

વાદળી મનુષ્ય પશુઓ માછલી

(3) તમારા મિત્રને ચપ્પુ હાથમાં વાગતા લોહી નીકળે છે. થોડીવાર પછી લોહી નીકળતું બંધ થઈજાય છે તો તેના માટે નીચેના પૈકી કયા કણો જવાબદાર છે?

રક્તકણ શ્વેતકણ રૂધિરરસ ત્રાકકણ

(4) મનુષ્યના શરીરમાં નીચેનામાંથી કયા ભાગમાં પરસેવાની ગ્રંથિઓ આવેલી નથી?

ખોપરી ઉપરની ચામડી બગલ હોઠ હથેળી

(5) સ્નાયુઓની બનેલી નળી કે જેમાંથી સંગ્રહિત પેશાબ બહાર આવે છે, તેને શું કહે છે?

કિડની-મૂત્રપિંડ મૂત્રવાહિની મુત્રછિદ્ર મૂત્રાશય

**પ્રશ્ન 2. કૉલમ IIમાં આપેલી વિગતોને કૉલમ I સાથે સરખાવીને જોડકાં જોડો: 4 marks**

| કૉલમ I | કૉલમ II |
|---|---|
| (1) પર્ણરંધ્ર | (a) પાણીનું શોષણ |
| (2) જલવાહક પેશી | (b) બાષ્પોત્સર્જન |
| (3) મૂળરોમ | (c) ખોરાકનું વહન |
| (4) અન્નવાહક પેશી | (d) પાણીનું વહન |
| | (e) કાર્બોદિતનું સંશ્લેષણ |

**ઉત્તર: (1) → ( ), (2) → ( ), (3) → ( ), (4) → ( ).**

**3. ખાલી જગ્યા પૂરો: 6 marks**

પ્રશ્ન 1. હૃદયમાંથી રુધિર શરીરના બધા ભાગો તરફ ..................દ્વારા વહન પામે છે.

પ્રશ્ન 2. હીમોગ્લોબિન એ રુધિરના ................ના કોષોમાં હોય છે.

પ્રશ્ન 3. ધમની અને શિરાઓ એ ....................ના જાળા સ્વરૂપે જોડાયેલ હોય છે.

પ્રશ્ન 4. હૃદયનું તાલબદ્ધ સંકોચન અને વિસંકોચન એ ...........................કહેવાય છે.

પ્રશ્ન 5. મનુષ્યમાં ..............એ મુખ્ય ઉત્સર્ગ દ્રવ્ય છે.

પ્રશ્ન 6. પરસેવો એ પાણી અને ...................ધરાવે છે.

**પ્રશ્ન 4. પર્ણરંધ્ર એટલે શું? પર્ણરંધ્રનાં બે કાર્યો આપો. 3 marks**

➢

**પ્રશ્ન 5. રુધિરના જુદા જુદા ઘટકોનાં નામ આપો.** **2 marks**

➢

**પ્રશ્ન 6. રુધિરનો રંગ લાલ શેના કારણે હોય છે?** **2 marks**

➢

**પ્રશ્ન 7. મનુષ્યના ઉત્સર્જનતંત્રની નામનિર્દેશનવાળી આકૃતિ દોરો.** **3 marks**

➢